ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ / અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૧૮/૨૫૩૨૭૭/ગ-૨
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૭/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧)આ.પ.ક.વિ.નો તા.૪-૨-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:-એમસીજી/૧૦૦૬/૪૨૧૬/વ

(૨)સા.વ.વિ.નો તા.૭-૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

પ્રસ્તાવના :-

સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના ઠરાવથી ટેક્નીકલ/નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ/અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક આપવા બાબતે સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે. તેમજ આ.પ.ક.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી રાજ્ય સરકાર હેઠળના તબીબી સેવા/તબીબી શિક્ષણ/જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના તબીબી શિક્ષકો અને તબીબોની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ને બદલે ૬૨ વર્ષ કરેલ છે. જ્યારે સા.વ.વિ.ના તા.૭-૭-૧૬ના ઠરાવથી વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક ૬૨ વર્ષ સુધી આપી શકાય છે. તે બાબતે ધ્યાને લઈને તબીબી શિક્ષકો અને તબીબોની વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## -:ઠરાવ:-

સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે સા.વ.વિ.ના તા.૭-૭-૨૦૧૬ના ઠરાવના ફકરા-(૪) બાદ ફકરા-(૪)અ અને શરતો બોલીઓની શરત ક્રમાંક (૬) બાદ શરત ક્રમાંક ૬(અ) નીચે મુજબ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૪)(અ)આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તબીબી સેવા/તબીબી શિક્ષણ/જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકો અને તબીબો કે જેઓની નિવૃત્તિ વય

Scanned with CamScanner

૬૨ વર્ષ છે,તેમને ૬૨ વર્ષ પૂર્ણ થયા બાદ ૬૫ વર્ષ સુધી વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક સક્ષમ સત્તાની મંજૂરીથી આપી શકાશે.

(૬)(અ) રાજ્ય સરકાર હેઠળના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તબીબી સેવા/તબીબી શિક્ષણ/જાહેર આરોગ્ય પ્રભાગ હસ્તકના વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકો અને તબીબો કે જેઓની નિવૃત્તિ વય ૬૨ વર્ષ છે,તેમને ૬૨ વર્ષ પૂર્ણ થયા બાદ ૬૫ વર્ષ સુધી વયનિવૃત્તિ બાદ નીચેની શરતોને આધીન કરાર આધારિત નિમણૂંકની મુદ્દત સક્ષમ સત્તાની મંજૂરીથી વિચારણા કરી શકાશે.

(૧) સંબંધિત વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકો અને તબીબોએ નિવૃત્તિ પહેલા સંમતિ આપવાની રહેશે.

(૨) આ પ્રકારની કરાર આધારિત નિમણૂંક સીધી ભરતીથી કે બઢતીની પ્રક્રિયાથી ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યાં સુધીની જ રહેશે.

(૩) ઉપરના બંને વિકલ્પોમાં દર્શાવેલ શરતોનું પાલન તથા ખાલી જગ્યાઓ માટેના માંગણીપત્રકો મોકલવાનું અને બઢતીની પ્રક્રિયા સમયસર થાય તે જોવાની જવાબદારી વિભાગ/ખાતાના વડાની રહેશે.

(૪) હાલની તબીબોની ઘટને ધ્યાને લેતાં કરાર આધારિત નિમણૂંકની વિચારણા કરવામાં આવે છે,પરંતુ વિભાગે નિયમિત રીતે થતી ભરતી/બઢતી ધ્યાને લઈને સક્ષમ કક્ષાએથી પ્રસ્તુત બાબતની પુન:સમીક્ષા કરવાની રહેશે.

(૫) આ પ્રકારની કરાર આધારિત નિમણૂંક અનુભવી તબીબોની તબીબી કાર્યક્ષમતા/કૌશલ્યનો જાહેર જનતાની સેવા માટે ઉપયોગ કરવા અર્થે હોઈ,તેઓની નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંકAdministrative Posts ઉપર ન થાય તેનું વિભાગે સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે.

(૬) જાહેર આરોગ્ય વિષયક સેવાની જરૂરિયાત વાળા ગ્રામ્ય તેમજ અંતરિયાળ વિસ્તારોમાં કરાર આધારિત નિમણૂંક આપવા માટે પ્રાથમિકતા આપવાની રહેશે.

(૭) સંબંધિત વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબી શિક્ષકો અને તબીબોને ૬૨ વર્ષે વય નિવૃત્તિબાદ કરાર આધારિત નિમણૂંક દરમ્યાન એકત્રિત વેતન તરીકે સંબંધિતને નિવૃત્તિની તારીખે તેના પગારધોરણમાં જે ફૂલ વેતન મળતુ હોય તે વેતનમાંથી મળતુ મૂળ પેન્શન બાદ કરતા જે રકમ આવે તે રકમ માસિક એકત્રિત વેતનના દર (એટલે કે Pay - Pension) તરીકે મળવાપાત્ર થશે.

Scanned with CamScanner

ઉપર્યુક્ત સૂચનાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેનાં નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડાને ધ્યાને મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ. (વસ્ત્રાપુર, હિમાલયા મોલની સામે)
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
*અ.મુ.સ.શ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગસચિવાલય, ગાંધીનગર
સચિવાલયના તમામ વિભાગો. (તેમના તાબાના ખાતાના વડાઓ/કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
પસંદગી ફાઇલ